Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-4, Continuous Issue-33-34, September October 2025

# ગબન ઃ સામાજિક ચેતનાને સંકોરતી કથા

**'मध्यमवर्ग की तमाम बुराइयों' से लेकर 'मध्यमवर्ग की यातना' की सही तस्वीर 'गबन' में हैं ।'**

- गंगाप्रसाद विमल

-ડૉ. એ.એ. શેખ

જીવન અને સાહિત્ય વચ્ચે ગાઢ અનુબંધ બાંધી આપનાર માનવતાવાદી સર્જક પ્રેમચંદજી વીસમી સદીના જનજીવનના અમર કથાકાર છે. એમનું મૂળ નામ ધનપતરાય અજાયબલાલ શ્રીવાસ્તવ. કાકાએ આ સર્જકનું નાનપણમાં 'નવાબ' નામ રાખ્યું હતું. જીંદગીમાં કયારેય ધનપતિ ન બનનાર આ સર્જક હિન્દી-ઉર્દૂ સાહિત્યના 'નવાબ' જરૂર બન્યાં. એમણે 'પ્રેમા', 'વરદાન', 'સેવાસદન', 'પ્રેમાશ્રમ', 'રંગભૂમિ', 'કાયાકલ્પ', 'નિર્મલા', 'પ્રતિજ્ઞા', 'ગબન', 'કર્મભૂમિ', 'ગોદાન', 'મંગલસૂત્ર' જેવી નવલકથાઓ આપી છે. એમની આ નવલકથાઓએ હિન્દીના કરોડો વાચકોને તો પ્રભાવિત કર્યા જ છે, ભારતની અન્ય ભાષાઓના વાચકોને પણ મોહિત કર્યા છે. આ સર્જકની વાર્તાઓએ તો વિશ્વમાં હિન્દીનું - ભારતનું ગૌરવ વધાર્યું છે.

'ગબન' ૧૯૩૧માં પ્રગટ થયેલી પ્રેમચંદની નવલકથા છે. તેનો ગુજરાતીમાં અનુવાદ આર. કે. ઠક્કર પાસેથી ૧૯૮૦માં મળે છે. રમાનાથની આ કથામાં વાસ્તવિક જીવનનું આલેખન થયું છે. આરંભે અલ્હાબાદમાં રહેતો અને પાછળથી કલકત્તામાં સ્થાયી થતો રમાનાથ. આ બે નગરોની કથાના રૂપમાં પણ કૃતિનું વિભાજન કરી શકીએ. બંને શહેરોની કથાને જોડનાર સંયોજક સૂત્ર મધ્યમવર્ગની વેદના છે. જે મધ્યમવર્ગની વેદના તત્કાલીન સમાજને યથાર્થ રીતે લાગુ પડે છે.

કથાનો નાયક રમાનાથ દંભી, મહત્ત્વકાંક્ષી યુવાન છે. તો બીજી બાજુ રમાનાથનો પિતા દયાનાથ આદર્શમાં માનનાર છે. સરકારી નોકરી કરતા દયાનાથ લાંચ લેવામાં કે મફતનું મેળવવામાં માનતા નથી. તે રમાનાથને નોકરી મળતાં કહે છે, 'જગા તો સારી છે, ઇમાનદારીથી કામ કરીશ, તો સારા પદ ઉપર પહોંચી જઈશ. મારી એ જ શિખામણ છે કે અધર્મના પૈસાને હરામ સમજજે.' (પૃ. ૫૩) દયાનાથ ભારતીય આદર્શ-સત્ય, વિશ્વાસમાં શ્રદ્ધા રાખનાર, પોતાની મહેનતની કમાણીથી જીવન નિર્વાહ કરનાર, 'આબરૂ' ને પોતાનું આભૂષણ માનનાર છે. કોઈપણ ભોગે ઇજ્જત સાચવવી એ એમનો જીવનમંત્ર છે. રામનાથમાં આ ગુણ છે પણ તે ઊભી થયેલી સમસ્યાનો સામનો કરી શકતો નથી. સમસ્યાને હલ કરવા અનીતિનો રસ્તો પકડે છે.

રમાનાથના લગ્નવેળા વધુ ખર્ચ થતાં દયાનાથ પસ્તાય છે. લગ્નવેળા લાવેલા ઘરેણાંનું દેવું ભરપાઈ કરવા વહુ જાલપાના ઘરેણાં પરત લઈ લેવા ઇચ્છે છે પણ જાલપાને તે કહી શકતો નથી. એ જ વેદના રમાનાથની છે. એને જાલપા સમક્ષ પોતે ખૂબ ધનવાન હોવાની છાપ પાડી છે. એ જાલપાને સાચી હકીકત જણાવતો નથી. અંતે જાલપાના ઘરેણાંની ચોરી કરી રમાનાથ પિતાને એ ઘરેણાં સોંપે છે. આ સાચરણ નવા સમયની દેણ છે. લેખકના મતે અંગ્રેજી તાલીમે ભારતીય સંસ્કારો-આદર્શો યુવકોને ભૂલાવ્યા છે. આ તાલીમે માણસને દંભી બનાવ્યો છે, અને એ દંભનું પરિણામ રમાનાથ આખી જીંદગી ભોગવે છે. કૉલેજકાળથી શતરંજની રમત રમવી, મા-બાપ-ભાઈઓ ઉપર હુકમ કરવા, મિત્રોની મદદથી પોતાના

શોખ પૂરા કરતો રમાનાથ દયાનાથના જીવનની કરુણતા સમજી શકતો નથી. જેનાં ભારરૂપે જ તે લગ્નવેળા ખોટા ખર્ચા કરાવે છે. એનું આ મિથ્યાભિમાન, દંભીપણુ એનું જીવન બરબાદ કરી દે છે. એનું આ આચરણ જ એને જાલપા માટે ઉધાર હાર લાવવા, જાલપાના આભૂષણની ચોરી કરવા, રતનના પૈસાથી પોતાનું દેવું ભરપાઈ કરવા, મ્યૂનિસિપાલિટીના નાણાં ઘેર લઈ જવાની ચાલાકી કરવા અને અંતે તે પૈસા ભરપાઈ ન થતાં ઘર છોડી જવા પ્રેરે છે. આવી પરિસ્થિતિ ઉભી કરવામાં રમાનાથ પોતે જવાબદાર છે. જો કે જાલપાનો આભૂષણ પ્રેમ આગમાં ઘી હોમવાનું કામ કરે છે. પરંતુ જાલપા માત્રને માત્ર આભૂષણ પ્રેમી નથી. પ્રેમચંદે જાલપાને જેટલી આભૂષણ પ્રેમી બતાવી છે, એટલી જ નિઃસ્પૃહ બતાવી છે. એ રમાનાથને કહે છે ઃ.... 'તમારી સામે ઘરેણાં માટે રડતી તો નથી ને? ભાગ્યમાં જે લખાયું હતું તે થયું. આગળ પણ તે જ થશે, જે લખાયું હશે. જે સ્ત્રીઓ ઘરેણાં નથી પહેરતી, એમના દિવસો વિતતા નહીં હોય?' (પૃ. ૫૯)

'..... મારે માટે દેવું કરવાની જરૂર નથી. હું નીચ નથી કે તમને નીચોવીને મારો રસ્તો કરું. મારે તમારી સાથે જીવવું અને મરવું છે. અગર મારે આખી જીંદગી ઘરેણાં વગર રહેવું પડે તો પણ હું કરજ કરવાનું કહું નહીં. ઘરના માણસને સંકટમાં નાખીને ઘરેણાં પહેરવાવાળી બીજી કોઈ હશે!' (પૃ. ૬૧)

જાલપાના આ વાકયો એની ઉદારતાનો પરિચય કરાવે છે. પ્રેમચંદે આ રીતે જાલપાના ચરિત્રને પ્રકાશિત કર્યું છે. રમાનાથમાં જેટલી દંભી, મિથ્યા ગૌરવ કરવાની ભાવના છે, એવી આભૂષણ પ્રેમી જાલપા નથી. રમાનાથના મુકાબલે જાલપા એક આદર્શ સ્ત્રીરૂપે પ્રગટ થાય છે. એનાં અનેક પ્રમાણો આ કૃતિમાંથી મળી રહે છે. જ્યારે રમાનાથને ત્યાં ઉઘરાણી માટે માણસ આવે છે ત્યારે જાલપા કહે છે ઃ '... જ્યારે તમારી આવક એટલી ઓછી હતી તો ઘરેણાં લીધાં જ શા માટે? મેં તો કદી જીદ કરી ન હતી. અને માની લો, હું બે-ચાર વખત કહેત તો પણ, તમારે સમજી વિચારીને કામ કરવું જોઈએ.... મને શી ખબર કે, તમે મારાથી આ કપટ કરી રહ્યા છો. હું કોઈ ભલા-બૂરા બંનેની ભાગીદાર છું, સારા વખતમાં ભલે તમે મને કંઈ વાત ન પૂછો, બૂરા સમયમાં તો હું તમારે ગળે પડીશ જ.' (પૃ. ૧૪૫) જાલપા એવી સ્ત્રી છે કે જે પરિસ્થિતિ અનુસાર જીવી જાણે છે. ભોગવિલાસની વેળા એ પ્રકારે જીવે છે. પતિના સુખમાં સુખી હોવાનો અહેસાસ એનું પાત્ર વાચકને કરાવે છે. જ્યારે પતિ સામે સંકટ ઊભું થાય છે, ત્યારે પોતાનો હાર વેચીને પતિને ઉગારે છે. મ્યુનિસિપાલિટીમાં નાણાં ભરે છે. જે હાર માટે બાળપણથી સ્ત્રી સહજ ઘરેણાંની - હારની લાલસા હતી, તે જ હાર અર્ધી કિંમતે વેચી પતિને મદદરૂપ થાય છે. આવું કૃત્ય કરતાં સહેજપણ દુઃખ અનુભવતી નથી. વળી, કલકત્તામાં પણ ક્રાંતિકારીઓની વિરોધમાં સાક્ષી પૂરવા જતાં રમાનાથને સમજાવે છે. આ પ્રસંગો જાલપાના ગૌરવશાળી ચરિત્રને પ્રગટ કરી આપે છે. જો કે રમાનાથ પાસે આવી સમજશક્તિ નથી. તે ક્યારેય સાચી હકીકત પોતાની પત્નીને જણાવતો નથી. જો કે પોતાની કપરી પરિસ્થિતિ વિશે પશ્ચાતાપ કરતો હોય એમ એ કહે છે ઃ '.... જાલપાથી પોતાની અસલ સ્થિતિ છૂપાવીને કેટલી મોટી ભૂલ કરી? તે સમજદાર સ્ત્રી છે! જો એને માલમ થઈ જાત કે મારી પાસે ફૂટી કોડી પણ નથી તો તે મને ઉધાર ઘરેણાં લેવા જ ન દેત. એણે તો કદી એના મોઢેથી કંઈ કહ્યું જ નથી. હું જ વારો વટ પડવા તૂટી પડતો હતો.' (પૃ. ૧૩૬)

રમાનાથના દંભીપણાની હદ તો ત્યારે આવે છે કે, રતન એના પતિ સાથે ચા-પાણી કરવા ઘેર આવવાની હોય છે, એ વેળા રમેશબાબુ પાસેથી કેટલીક વસ્તુ મંગાવી, ઘરમાં ગોઠવી ખોટો દેખાવ કરે છે. બીજાની વસ્તુ લાવી આપણી શાન વધારવી એ માણસની જન્મજાત વૃત્તિ છે. ખોટો દેખાડો કરી પોતાની પ્રતિષ્ઠા વધારવા માગતો રમાનાથ અંતે દેવું ન ચૂકવી શકતાં કલકત્તા ભાગી જાય છે.

રમાનાથ કલકત્તા જાય છે એની સાથે કૃતિમાં રાજનીતિક રંગ ઉમેરાય છે. એક સામાજિક નવલકથા રાજનીતિક રૂપ લઈ લે છે. એની પાછળનું કારણ આપતાં 'કલમ કા સિપાહી' પુસ્તકમાં અમૃતરાયજીએ લખ્યું છે - 'प्रेमचन्दजी जब इस उपन्यास को लिख रहे थे उस समय एक महत्त्वपूर्ण घटना हुइ! २० मार्च,

१५२५ के आसपास देश भर में जो तलाशियां और लोगो की घर-पकड हुइ, लोगो पर जुठे मुकदमे चलाये गये, क्रान्तिकारियों की सरगर्मियां बढी, इन सबने प्रेमचन्दजी को प्रभावित किया । अतः एक जागरुक साहित्यकार होने के नाते प्रेमचन्दजी ने उस युग चेतना और स्थिति को जो कि उस समय एक ज्वलन्त प्रश्न के रुप में उपस्थित थी, उपन्यास की उतरार्द्ध वाली कथा का केन्द्र बिन्दु बना लिया ।' જે યુગચેતનાનું પ્રતિબિંબ છે.

આ નવલકથા સંદર્ભે પ્રશ્નો ઉપસ્થિત થયા છે કે 'ગબન' ની કથામાં શું છે. આ એક સ્ત્રીના આભૂષણ પ્રેમના કારણે ઊભી થતી પરિસ્થિતિની કથા છે? મધ્યમવર્ગના અસંતુષ્ટ માનવીની કથા છે? 'ગબન' ના પ્રયાસની કથા છે? આઝાદી સમયના સંઘર્ષની કથા છે? ગાંધીવિચારની કથા છે? પરંતુ આ કૃતિમાંથી પસાર થતાં સ્પષ્ટ થાય છે કે એમાં યુગચેતના ઉત્તરાર્ધમાં જોવા મળે છે. પરંતુ 'ગબન' સ્ત્રીની આભૂષણ પ્રેમની ટ્રેજડી બનતી કૃતિ નથી. જો કે કથાનો આરંભ જાલપાના આભૂષણ પ્રેમથી થયો છે અને એ દ્વારા કૃતિનું કથાવસ્તુ વિકસે છે. પરંતુ કૃતિનો મૂળ ઉદ્દેશ્ય એ આભૂષણ પ્રેમ નથી, એ યાદ રાખવું રહ્યું! જો લેખકને એ જ બતાવવું યોગ્ય લાગ્યું હોત તો રમાનાથ આપણી સમક્ષ જુદાં સ્વરૂપે પ્રગટ થાત 'ગબન' એ સાચા અર્થમાં પુનર્જાગૃતિની કથા બની છે. આ કથામાં રમાકાન્ત અને જાલ્પાનો આંતરસંઘર્ષ આલેખીને લેખક ભારતીય યુવા વર્ગમાં જાગૃતિનો સંદેશ પ્રગટ કરવા માગે છે અને એમાં સફળ પણ થયા છે.

સંદર્ભ ઃ-

(૧) ગબન - મૂળ લેખક ઃ પ્રેમચંદ, અનુવાદક ઃ આર. એમ. ઠક્કર, રવાણી પ્રકાશન, આણંદ - પ્રથમ આવૃત્તિ ૧૯૮૮

(२) गबन - प्रेमचंद, भारतीय भाषा प्रकाशन, दिल्ली - ३२, प्रथम संस्करण - १९९०

(३) गबन - गंगाप्रसाद विमल, राजकमल प्रकाशन, दिल्ली, प्रथम संस्करण - १९६९

(४) 'दस्तावेज' - प्रेमचंद की चन्म ख शती पर विशेषांक, संपादक ः विश्वनाथप्रसाद तिवारी, बेतिया हाता, गोरखपुर - वर्ष - २, अंक ७/८, अप्रैल-जुलाइर् - १९८०

---

ડૉ. એ.એ. શેખ
એસો.પ્રો., ગુજરાતી વિભાગ,
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, મેઘરજ